## હત્યાના વણશોધાયેલ ગુનાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી આરોપીને પકડી પાડતી સચીન G.I.D.C. પોલીસ

સચીન G.I.D.C. પોલીસ સ્ટેશન A-FIR. નં.૧૧૨૧૦૦૦૨૨૧૧૮૭૦/૨૦૨૧ ઇ.પી.કો. કલમ-૩૦૨ મુજબના કામે મરણ જનાર અજાણ્યો હિન્દુ પુરુષ ઉ.વ. આશરે ૩૫ નાને કોઇ અજાણ્યા ઇસમ દ્વારા ઉન પાટીયા પાણીની ટાંકીની સામે, ઉનગામ હળપતિવાસ પાછળ, ખુલ્લા ગ્રાઉન્ડમાં આવેલ બાવળીયાના ઝાડ પાસે કોઇ અગમ્ય કારણોસર પથ્થરો વડે મરણ જનારને માથાના ભાગે તથા કપાળ ઉપર અને દાઢીના ભાગે તેમજ શરીરે મારી ગંભીર ઇજા કરી ખુન કરેલ હોય જે બનાવ સંબંધે મરણ જનારની ઓળખ પ્રસ્થાપીત કરવા તેમજ આરોપીની ઓળખ કરવા માટે જુદી-જુદી ટીમો બનાવી તપાસ કરવામાં આવતા સદર ગુનામાં પોલીસ કંટ્રોલરૂમને જે ફોન દ્વારા મરણ જનાર બાબતે માહિતી આપવામાં આવેલ તે મોબાઇલ ચોરીમાં ગયેલ મોબાઇલ હોય અને તે મોબાઇલ સ્વીચ ઓફ થઇ ગયેલ હોય તેમજ આ મોબાઇલ નંબરથી કોલર દ્વારા પોલીસ સાથે થયેલ વાતચીત મોબાઇલમાં રેકોર્ડીંગ થયેલ હોય અને તે રેકોર્ડીંગ થયેલ અવાજ ઉપરથી તે વ્યક્તિને ઓળખ માટે સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસોના મોબાઇલ ફોનમાં રેકોર્ડીંગ આપવામાં આવેલ જેના આધારે સર્વેલન્સ સ્ટાફના અ.પો.કો. દર્શનભાઇ શૈલેષભાઇ નાઓએ આ રેકોર્ડીંગ સાંભળી કોલરનો અવાજ છ મહીના પહેલા પાંડેસરા પો.સ્ટે.માં ચોરીમાં ગયેલ મોટર સાયકલ સાથે આરોપી ફિરોજખાન દિલદારખાન પઠાણને પકડેલ હતો તેના જેવો અવાજ હોવાનુ ઓળખી બતાવેલ તેના આધારે આરોપી ફિરોજખાન S/o દિલદારખાન જાતે પઠાણ ઉ.વ.૩૦ રહેવાસી-પ્લોટ નં.૧૦૦, પહેલા માળે, અનવરભાઇના મકાનમા સોયેબનગર-બી ઉન પાટીયા સુરતનાની પુછપરછ કરવામાં આવેલ જેમા તેણે આ અજાણ્યા પુરુષ ઇસમની હત્યા કરેલ હોવાની કબુલાત કરતા હત્યાના ગુનામાં તેની ધરપકડ કરી ઉપરોકત ગુનાનો ભેદ ઉકેલી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

● <u>શોધી કાઢેલ ગુન્હાની વિગત</u>:-(૧)સચીન G.I.D.C.પો. સ્ટે. A-FIR.નં.૧૧૨૧૦૦૦૨૨૧૧૮૭૦/૨૦૨૧ ઇ.પી.કો. કલમ-૩૦૨ મુજબ.(૨)સચીન G.I.D.C.પોલીસ સ્ટેશન A-FIR.નં.૧૧૨૧૦૦૦૨૨૧૧૮૭૧/૨૦૨૧ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ.

● <u>આરોપીનો ગુનાહિત પુર્વ ઇતીહાસ</u>:-(૧) પાંડેસરા પો.સ્ટે. I ગુ.ર.નં.A-૧૧૨૧૦૦૪૫૨૦૨૦૯૧/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબ.